વર્ષ ૨૦૧૯-૨૦ ના મોડીફાઇડ અંદાજપત્રમાં ગુજરાત રાજય અન્ન આયોગના અધિકારીશ્રી તથા કર્મચારીઓના પગાર, અન્ય ભથ્થા તેમજ કચેરી માટે થનાર ખર્ચ અંગેની વહીવટી મંજુરી બાબત

ગુજરાત સરકાર
ક્રમાંકઃ બજટ/૧૦-૨૦૧૮/૫૭૯/ક-૧
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૧/૮/૨૦૧૯

ઠરાવઃ-

રાજયમાં તા.૧/૪/૨૦૧૬ થી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ ના અમલ અન્વયે અંત્યોદય અન્ન યોજના કુટુંબોને કુટુંબદીઠ ૩૫ કિલો તથા અગ્રતા ધરાવતા કુટુંબોને વ્યકિતદીઠ ૫ કિલો વાજબી ભાવની દુકાનમાંથી મળવાપાત્ર અનાજનો જથ્થો ન મળવાની ફરીયાદ હોય તો જિલ્લા કક્ષાએ જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારીને ફરીયાદ/અરજી કરી શકે છે. જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારીના નિર્ણયથી અરજદાર નારાજ હોય તો રાજય અન્ન આયોગ (State Food Commission) માં અપીલ કરી શકે છે.

નામ.સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ રીટ પીટીશન નં.૮૫૭/૨૦૧૫, સ્વરાજ અભિયાન વિ. ભારત સરકાર અને બીજાઓના કેસમાં પીટીશનર દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ ની કલમ-૧૬ હેઠળ સ્વાયત અન્ન આયોગની રચના કરવા બાબતે તેમજ નામ.સુપ્રિમ કોર્ટના તા.૧/૧૨/૨૦૧૬ ના ઓર્ડર અન્વયે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાની કલમ-૧૬ હેઠળ રાજય અન્ન આયોગ, તેના ચેરપર્સન અને અન્ય સભ્યો તથા અન્ય અધિકારીઓ/કર્મચારીઓની નીચે દર્શાવેલ જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | પગારધોરણ |
|---|---|---|---|
| ૧ | ચેરપર્સન | ૦૧ | -- |
| ૨ | સભ્યશ્રી | ૦૫ | -- |
| 3 | સંયુકત સચિવશ્રી, વર્ગ-૧, (સભ્ય સચિવ) | ૦૧ | -- |
| ૪ | ઉપસચિવશ્રી, વર્ગ-૧ | ૦૧ | ૫૬,૧૦૦-૧,૭૭,૫૦૦ |
| ૫ | સેકશન અધિકારીશ્રી, વર્ગ-૨ | ૦૧ | ૪૪,૯૦૦-૧,૪૨,૪૦૦ |
| ૬ | નાયબ સેકશન અધિકારી, વર્ગ-3 | ૦૧ | ફિકસ ૩૮,૦૯૦/- |
| ૭ | ઓફિસ આસિસ્ટન્ટ, વર્ગ-3 | ૦૧ | ફિકસ ૧૯,૯૫૦/- |
| ૮ | સબ ઓડીટર, વર્ગ-3 | ૦૧ | ફિકસ ૧૯,૯૫૦/- |
| | કુલ | ૧૨ | |

ઉક્ત વિગતે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માં ગુજરાત રાજ્ય અન્ન આયોગના અધિકારીશ્રી તથા કર્મચારીઓના પગાર, અન્ય ભથ્થા તેમજ કચેરી માટે થનાર ખર્ચ અંગેની ચાલુ બાબત માટે રૂ.૩૨૫.૦૦ લાખ (અંકે રૂપિયા ત્રણસો પચીસ લાખ પુરા) ની ગ્રાન્ટનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૧. આ અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૯ પછીથી કરવાનો રહેશે.

૨. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ, જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૩. પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે, પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ, રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૫. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૬. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૭. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

૯. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

૧૦. વિભાગે ડ્રાઇવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઇ મુજબ મંજુર થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં આઉટસોર્સિંગથી કરાવવાની રહેશે.

૧૧. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

૧૨. સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક : નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા.) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે